# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-07-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1. આજથી અમલમાં આવેલા ભારત-બ્રિટન મુક્ત વેપાર કરારથી બંને દેશોને ફાયદો - કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલ, ઉદ્યોગોએ કરારને આવકાર્યો.
2. યુવાનોમાં કૌશલ્ય વિકાસ માટે આરંભાયેલા સ્કિલ ઇન્ડિયા મિશનને આજે અગિયાર વર્ષ પૂર્ણ.
3. મહારાષ્ટ્રમાં NIAના કેસની સુનાવણી માટે વિશેષ અદાલતની રચના.
4. સુધારાનો અભાવ અને વણ ઉકલ્યા વૈશ્વિક સંઘર્ષો જેવા કારણોથી સંયુક્ત રાષ્ટ્રમાં વિશ્વાસ ઘટી રહ્યો હોવાનો ભારતનો મત.
5. ભારતીય શેરબજારમાં પાંચસો અંકોના ઉછાળા સાથે તેજીનો મોહાલ.
6. ફિફા વર્લ્ડકપમાં આજે બીજી સેમિફાઇનલમાં આર્જેન્ટીના અને ઇંગ્લેંડ વચ્ચે મુકાબલો.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# GOYAL ARTICLE-INDIA UK FTA

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું કે આજથી અમલમાં આવેલા ભારત-બ્રિટન મુક્ત વેપાર કરારથી વેપાર, રોકાણ અને નવીનતા માટે નવા માર્ગો શરૂ થશે. અંગ્રેજી દૈનિકમાં પ્રકાશિત એક લેખમાં, શ્રી ગોયલે જણાવ્યું કે આ મહત્વાકાંક્ષી કરાર સમાજના દરેક વર્ગને સશક્ત બનાવશે, જે ભારતના લોકોની ક્ષમતાઓ અને આકાંક્ષાઓને પ્રતિબિંબિત કરશે.

આ કરાર મહિલાઓ, ખેડૂતો, યુવાનો, એમએસએમઈ, નવીનતાઓ, વ્યાવસાયિકો અને માછીમારો માટે નવી તકોનું સર્જન કરશે તેના પર તેમણે ભાર મૂક્યો હતો. તેમણે 75 હજારથી વધુ ભારતીય વ્યાવસાયિકો અને નવસોથી વધુ કંપનીઓને તેનો લાભ મળવાની આશા વ્યક્ત કરી હતી.

# INDUSTRY BODY - INDIA UK

ઉદ્યોગ સંગઠનોએ ભારત-યુકે મુક્ત વેપાર કરારને એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ ગણાવ્યો છે. FICCI ના મહાસચિવ અનંત સ્વરૂપે કહ્યું છે કે, આ કરાર વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓમાં ભારતની ભાગીદારી વધારવા અને નવીનતા-આધારિત વિકાસને પ્રોત્સાહન આપવામાં ખૂબ મદદ કરશે. શ્રી સ્વરૂપે ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરારના સંચાલન બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને અભિનંદન આપ્યા. તેમણે કહ્યું કે, તે ભારતીય ઉદ્યોગની સ્પર્ધાત્મકતા વધારવામાં પણ મદદ કરશે.

એસોચેમના પ્રમુખ નિર્મલ કુમાર મિંડાએ જણાવ્યું હતું કે, આ કરાર ભારતની FTA યાત્રામાં એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ છે, જે વિશ્વના બે સૌથી જૂના લોકશાહીઓને વ્યાપક મુક્ત વેપાર ભાગીદારી દ્વારા એકસાથે લાવે છે. તેમણે કહ્યું કે, આ કરાર કાપડ, ચામડું, દરિયાઈ ઉત્પાદનો, રત્નો અને ઝવેરાત, એન્જિનિયરિંગ ઉત્પાદન અને રસાયણ ક્ષેત્રોને નોંધપાત્ર રીતે લાભ પહોંચાડશે તેવી અપેક્ષા છે. ટ્રેડ પ્રમોશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ મોહિત સિંગલાએ જણાવ્યું હતું કે, આ સીમાચિહ્નરૂપ કરાર ભારતીય નિકાસકારો માટે તકનો એક નવો અધ્યાય ખોલે છે.

# UNION MINISTERS-CETA

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે આજથી  અમલમાં આવેલા ભારત-બ્રિટન  વ્યાપક આર્થિક વેપાર કરાર ભારતના આર્થિક વિકાસ અને વૈશ્વિક ભાગીદારીને મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી સિંહે જણાવ્યું કે આ કરાર નિકાસને વેગ આપશે, MSME માટે નવી તકો ઉભી કરશે અને યુકેમાં કામ કરતા વ્યાવસાયિકોને લાભ આપશે.

કેન્દ્રીય ગ્રાહક બાબતોના મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું કે આ કરાર ભારત  અને બ્રિટન વચ્ચેના આર્થિક સંબંધોને મજબૂત બનાવવા માટે એક પરિવર્તનશીલ પગલું છે.

# SKILL INDIA MISSION

આજે સ્કીલ ઇન્ડિયા મિશનના 11 વર્ષ થયા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૨૦૧૫માં આ મિશનની શરૂઆત કરવી હતી જેનો ઉદ્દેશ્ય યુવાનોને રોજગાર, ઉદ્યોગસાહસિકતા અને ટકાઉ આજીવિકા માટે ઉદ્યોગ-સંબંધિત કૌશલ્યોથી સજ્જ કરવાનો હતો.

સ્કીલ ઇન્ડિયા મિશન હેઠળ દર વર્ષે એક કરોડથી વધુ યુવાનો તાલીમ મેળવી રહ્યા છે. પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના હેઠળ એક કરોડ 65 લાખથી વધુ યુવાનોને તાલીમ આપવામાં આવી છે. દેશ જેમ વિકસિત ભારત 2047 તરફ આગળ વધી રહ્યો છે, તેમ દરેક નાગરિકની ક્ષમતાને ઉજાગર કરવા અને ટકાઉ વિકાસને આગળ વધારવા માટે કૌશલ્યમાં રોકાણ કરવું મહત્વપૂર્ણ છે.

આજે વિશ્વ યુવા કૌશલ્ય દિવસ પણ છે. 2014 માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની ઘોષણા બાદ દર વર્ષે 15 જુલાઈએ આ દિવસ ઉજવાય છે. યુવાનોને રોજગાર, યોગ્ય કાર્ય અને ઉદ્યોગસાહસિકતા માટે કૌશલ્યથી સજ્જ કરવાના વ્યૂહાત્મક મહત્વને દર્શાવવા માટે આ દિવસ ઉજવવામાં આવે છે.

# PREZ - AYURVEDA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે કેન્દ્ર સરકારે નવી ઉર્જા સાથે વૈશ્વિક મંચ પર આયુર્વેદ અને યોગસ્થાપિત કર્યા છે. આજે નવી દિલ્હીમાં સુશ્રુતમ 2026 નાઉદ્ઘાટન સમારોહને સંબોધતા, તેમણે સંતોષ વ્યક્ત કર્યોકે આયુર્વેદિક શસ્ત્રક્રિયાની પ્રાચીન પરંપરાને વૈજ્ઞાનિક ધોરણો પર સ્થાપિત કરવાનાપ્રયાસો થઈ રહ્યા છે. તેમણે વધુમાં આ મુજબ કહ્યું હતું.

(BYTE: PRESIDENT)

# VP-MPs OATH

ઉપ-રાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ સી પી રાધાકૃષ્ણને રાજ્યસભામાં નવા ચૂંટાયેલા સભ્યોને શપથ લેવડાવ્યા. શ્રી રાધાકૃષ્ણને કર્ણાટકના મન્સૂર અલી ખાન અને મધ્યપ્રદેશના રજનીશ કુમાર અગ્રવાલને શપથ લેવડાવ્યા હતા.

# REV PUNJAB PM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શુક્રવારે પંજાબની મુલાકાત લેશે. મુલાકાત દરમિયાન, તેઓ જાલંધર કેન્ટોનમેન્ટ રેલ્વે સ્ટેશનનું ઉદ્ઘાટન કરશે અને અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ નવીનીકરણ કરાયેલા 74 અન્ય રેલ્વે સ્ટેશનોનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરશે.

પ્રધાનમંત્રી ઉત્તર પ્રદેશમાં અમૃતસરને વારાણસી સાથે જોડતી સંત રવિદાસ એક્સપ્રેસને પણ લીલી ઝંડી આપશે.

જલંધર જતાં અગાઉ શ્રી મોદી ચંદીગઢમાં પંજાબ એન્જિનિયરિંગ કોલેજની મુલાકાત લેશે, અને વિવિધ માળખાકીય પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 26 જુલાઈના રોજ આકાશવાણી પરથી પ્રસારિત થનારા મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની 136મી કડી હશે.

નાગરિકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો મોકલી શકે છે. તેઓ નરેન્દ્ર મોદી એપ અથવા MyGov ઓપન ફોરમ દ્વારા ઓનલાઈન પણ પોતાનો અભિપ્રાય મોકલી શકે છે. નાગરિકો 1922 પર મિસ્ડ કોલ કરીને SMSમાં મળેલી લિંકને અનુસરીને સીધા પ્રધાનમંત્રીને પોતાના સૂચનો મોકલી શકે છે. આ કડી માટે સૂચનો આ મહિનાની 24મી તારીખ સુધી મોકલી શકાશે.

# HOME MINISTRY - NIA COURT

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સમગ્ર મહારાષ્ટ્રમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી NIA દ્વારા તપાસવામાં આવતા ગુનાઓની સુનાવણી માટે એક નવી વિશેષ અદાલતની રચના કરી. મંત્રાલયે બોમ્બે વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ અને મહારાષ્ટ્ર સરકાર સાથે પરામર્શ કર્યા બાદ  મુંબઈમાં સિટી સિવિલ અને સેશન્સ કોર્ટના રૂમ નંબર - 26 ને NIA દ્વારા તપાસવામાં આવતા ગુનાઓની સુનાવણી માટે વિશેષ અદાલત તરીકે નિયુક્ત કર્યો છે.

NIA કાયદા હેઠળ આતંકવાદ સંબંધિત અને અન્ય અનુસૂચિત ગુનાઓ સહિત NIA દ્વારા તપાસવામાં આવતા ગુનાઓની ઝડપી સુનાવણી સુનિશ્ચિત કરવા માટે મંત્રાલય દ્વારા વિશેષ અદાલતોની રચના કરવામાં આવે છે.

# UNSC REFORMS-HARISH

ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારાનો અભાવ અને વૈશ્વિક સંઘર્ષોના અસરકારક ઉકેલની અસમર્થતાને કારણે સંયુક્ત રાષ્ટ્રમાં વિશ્વાસ ઓછો થઈ રહ્યો હોવાની ચેતવણી આપી. સંયુક્ત રાષ્ટ્રમાં બહુપક્ષીયવાદને ભવિષ્ય માટે યોગ્ય બનાવવા અંગેની મંત્રી સ્તરીય ગોળમેજીમાં બોલતા, ભારતના કાયમી પ્રતિનિધિ, પી. હરીશે જણાવ્યું કે સુરક્ષા પરિષદ ચાલુ સંઘર્ષોમાં અર્થપૂર્ણ રીતે હસ્તક્ષેપ કરવામાં નિષ્ફળ ગઈ છે, જેનાથી આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા જાળવવાની તેની ક્ષમતા પર પ્રશ્નો ઉભા થયા છે.

## (BYTE: P HARISH)

તેમણે જણાવ્યું કે 80 વર્ષ જૂનું સંયુક્ત રાષ્ટ્ર માળખું હવે વર્તમાન વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે યોગ્ય નથી. તેમણે અર્થપૂર્ણ સુધારાઓની તાત્કાલિક જરૂર પર ભાર મૂક્યો. તેમણે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને પુનર્જીવિત કરવા અને ટકાઉ વિકાસને આગળ વધારવા માટે આર્થિક અને સામાજિક પરિષદની ભૂમિકાને મજબૂત બનાવવા હાકલ કરી હતી.

# STOCKS-1200

આજે બપોરના સત્રમાં બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો અડધા ટકાથી વધુ વધીને ટ્રેડ થઈ રહ્યા હતા. છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે સેન્સેક્સ પાંચસો પોઈન્ટ જ્યારે નિફ્ટી 130 પોઈન્ટ વધીને કારોબાર કરી રહ્યો હતો. ક્ષેત્રીય મોરચે, સિમેન્ટ, કેમિકલ્સ અને બેંકિંગ શેરો સૌથી વધુ વધી રહ્યા હતા. જ્યારે યુટિલિટીઝ, આઇટી અને એફએમસીજી શેરો નકારાત્મક ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા.

# FIFA WORLD CUP

અમેરિકાના ટેક્સાસમા રમાયેલી પહેલી સેમિફાઇનલ મેચમાં સ્પેને ફ્રાન્સને 2-0થી હરાવીને ફિફા વર્લ્ડ કપની ફાઇનલમાં સ્થાન મેળવ્યું. 22મી મિનિટે પેનલ્ટીથી સ્પેન માટે મિકેલ ઓયાર્ઝાબાલે પહેલો ગોલ કર્યો. ત્યારબાદ પેડ્રો પોરોએ 58મી મિનિટે બીજો ગોલ કર્યો.

હવે ફાઇનલમાં, સ્પેનનો સામનો આજે રાત્રે આર્જેન્ટિના અને ઇંગ્લેન્ડ વચ્ચે રમાનારી બીજી સેમિફાઇનલના વિજેતા સાથે થશે.

# DELHI-FREE CYCLE

દિલ્હી સરકાર આ મહિનાથી ધોરણ 9 ની લગભગ 1.3 લાખ છોકરીઓને સાયકલનું નિઃશુલ્ક વિતરણ શરૂ કરશે. સોશિયલ મીડિયા સંદેશમાં, દિલ્હીના શિક્ષણ મંત્રી આશિષ સૂદે જણાવ્યું હતું કે આ પહેલ શિક્ષણમાં આવતા અવરોધોને દૂર કરવા અને દરેક દીકરીને સશક્ત બનાવવાની સરકારની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરે છે. તેમણે કહ્યું કે સાયકલ શાળા સુધીની તેમની યાત્રાને વધુ સુલભ બનાવશે, નિયમિત હાજરીને પ્રોત્સાહન આપશે અને ખાતરી કરશે કે કોઈ પણ છોકરી  શિક્ષણ વિના ન રહે. મંત્રીએ ઉમેર્યું હતું કે દરેક સાયકલ વધુ તક, આત્મવિશ્વાસ અને ઉજ્જવળ ભવિષ્ય તરફ એક પગલું છે.